# GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

## PRESS NOTE

15169

**Date: 08/02/2022**

**Sub: GCCI appreciates the announcement of new IT Policy by Government of Gujarat**

Government of Gujarat today announced the new IT/ITES Policy 2022-27 with an aim to provide further boost the IT/ITES sector in Gujarat.

Gujarat Chamber of Commerce and Industry appreciates the positive measures included in this new policy by the Government, such as providing support for capital expenditure also in addition to the support towards working capital and operational costs.

The policy has also included support for promoting research and development in emerging fields such as artificial intelligence, machine learning, blockchain etc. which was the need of the hour. It also encourages training and skill development for IT/ITeS by offering concession on course fees for identified training programmes. Support for development of IT infrastructure like IT cities is also included in the policy.

The policy lays down the roadmap for additional employment generation for about 1 lakh people during the next five years and also seeks to increase Gujarat's IT exports from current ₹3,000 crore annually to ₹25,000 crore over the next five years, which is an ambitious yet achievable plan.

Overall, this new policy will surely provide the needed support to incentivise and promote the IT/ITES industries in the State.

---

**To,**
**The Editor/ Chief Reporter/ Commercial Editor/ Bureau Chief/ News Editor with a request to kindly incorporate the above Press Note in your esteemed News Paper.**

**Yogendrakumar Trivedi**
**Secretary General**

# GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY
## PRESS NOTE

15769

તારીખ: 08/02/2022

**વિષય: ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ નવી IT Policy 2022-27 નો GCCI દ્વારા આવકાર**

ગુજરાતમાં IT/ITES ક્ષેત્રને વધુ પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે ગુજરાત સરકારે આજે નવી IT/ITES Policy 2022-27 ની જાહેરાત કરી છે.

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી આ નવી નીતિમાં સમાવિષ્ટ સકારાત્મક પગલાંઓને આવકારે છે. આ નીતિમાં ઓપરેશનલ ખર્ચ ઉપરાંત મૂડી ખર્ચ (capital expenditure) માટે પણ સહાય પુરી પાડવામાં આવેલ છે જે આવકાર્ય બાબત છે.

વધુમાં, આ નીતિમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મશીન લર્નિંગ, બ્લોકચેન વગેરે જેવા નવા ક્ષેત્રોમાં સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપવા માટેની સહાયનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે જે હાલના સમયમાં ખુબજ જરૂરી છે. તાલીમ કાર્યક્રમો માટે કોર્સ ફીમાં રાહત આપીને IT/ITeS માટે તાલીમ અને કૌશલ્ય વિકાસને પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે. આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આઈટી શહેરોના વિકાસ માટેની સહાય પણ આ નીતિમાં આપવામાં આવી છે.

આ નીતિમાં આગામી પાંચ વર્ષ દરમિયાન આશરે 1 લાખ લોકો માટે રોજગારી સર્જન કરવાની રૂપરેખા આપવામાં આવેલ છે અને આગામી પાંચ વર્ષમાં ગુજરાતની IT નિકાસ વર્તમાન વાર્ષિક ₹3,000 કરોડથી વધારીને ₹25,000 કરોડ કરવાની જાહેરાત છે, જે મહત્ત્વાકાંક્ષી છતાં પ્રાપ્ત કરી શકાય તેવું લક્ષ્ય છે.

એકંદરે, આ નવી નીતિ રાજ્યમાં IT/ITES ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા અને પ્રોત્સાહિત કરવા માટે જરૂરી સમર્થન ચોક્કસ પ્રદાન કરશે.

---

તંત્રીશ્રી / ચીફ રિપોર્ટર / વાણિજ્ય તંત્રીશ્રી / બ્યુરો ચીફ/ ન્યૂઝ એડિટર
ઉપરોક્ત અખબાર નોંધ આપણા અખબારમાં સમાવી લેવા વિનંતી

યોગેન્દ્રકુમાર ત્રિવેદી
સેક્રેટરી જનરલ